ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ માટે ૯૬૬ મતદાન મથકો

**જિલ્લા તાલુકા પંચાયત માટે ૮૨૦ મતદાન મથકો પૈકી ૨૭૬ મતદાન મથકો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ છે તો ન.પા. માટે ૧૪૬ મતદાન મથકો પૈકી ૧૦૭ મતદાન મથકો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ છે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેની તૈયારીઓમાં તંત્ર અને ઉમેદવારો વ્યસ્ત બન્યા છે. કોરોનાની મહામારી વચ્ચે ખેલાનારો આ જંગ હજુ ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે.

ઉમેદવારો તેમના પ્રચાર વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેઓ તેમના

**ચૂંટણીના ઢોલ ઢબુક્યા**



પ્રચાર સાહિત્યને લાવી તેના ડિસ્ટ્રીબ્યુશન સહિતની કામગીરીમાં વધુ વ્યસ્ત છે. આ ઉપરાંત જાહેર પ્રચાર માટેની વિવિધ મંજૂરીઓ મેળવવામાં પણ તેઓ વ્યસ્ત બન્યા છે.

બીજી તરફ તંત્ર દ્વારા પણ ઉમેદવારો આખરી થઈ ગયા પછી સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકોને ઓળખી આખરી કરી દીધા છે. આ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો માટેનો બંદોબસ્ત ડિપ્લોય કરવાની કામગીરી પણ લગભગ પુરી થઈ ગઈ છે.

જિલ્લામાં બે નગરપાલિકાની સામાન્ય અને માણસા ન.પા.ની એક બેઠક માટે પેટા-ચૂંટણી યોજાવાની છે. આ માટે ૧૪૬ મતદાન મથકો છે.

નગરપાલિકાના ૧૪૬ મતદાન મથકોમાંથી ૪૪ મતદાન મથકો સંવેદનશીલ અને ૬૩ મતદાન મથકો અતિ સંવેદનશીલ છે.

દહેગામ ન.પા. માટે ૩૭ મતદાન મથકો નિયત કરાયા છે. જેમાં ૮ મતદાન મથકો સંવેદનશીલ અને ૧૫ મતદાન મથકો અતિ સંવેદનશીલ છે.

કલોલ ન.પા. માટે ૯૯ મતદાન મથકો નિયત કરાયા છે. જેમાં ૨૬ સંવેદનશીલ અને ૪૮ મતદાન મથકો અતિ સંવેદનશીલ છે.

માણસા ન.પા.ની એક બેઠક માટેની પેટા ચૂંટણી છે અને તે માટે ૧૦ મતદાન મથકો છે. આ તમામ મતદાન મથકોને સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે.

આમ ૧૪૬ મતદાન મથકોમાંથી ૪૪ મતદાન મથકો સંવેદનશીલ અને ૬૩ મતદાન મથકો અતિ સંવેદનશીલ છે.

જિલ્લા પંચાયત અને ૩ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે ૮૨૦ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જેમાં દહેગામ તાલુકામાં ૨૨૪, કલોલ તાલુકામાં ૧૬૯, માણસામાં ૨૨૦ અને ગાંધીનગર તાલુકામાં ૨૦૭ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



રાજયસભાની ખાલી પડેલ બેઠકો માટે આજે ગુજરાત વિધાનસભા ખાતે ભાજપા દ્વારા દિનેશભાઈ અનાવાડિયા અને રામભાઈ મોકરીયાએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. આ વેળાએ ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કૃષિમંત્રી આર.સી. ફળદુ, ગૃહ રાજય મંત્રી પ્રદીપસિહ જાડેજા સહિત મંત્રીમંડળના સભ્યો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પેથાપુર ડમ્પીંગ સાઈટની કામગીરી મુલત્વી

**મેયરે કમિશનરને પત્ર લખી નવી સૂચના ન મળે ત્યાં સુધી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટને લગતી કામગીરી મુલત્વી રાખવા જાણ કરી**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટના નિકાલ માટે પેથાપુર નજીક લેન્ડફિલ્ડ સાઈટ બનાવવાનો નિર્ણય હાલ પુરતો મુલત્વી રાખવાની સૂચના મેયરે રીટાબેન પટેલે એક પત્ર કમિશનરને પાઠવી આપી છે.

પેથાપુર નજીક બનનારી આ સૂચિત લેન્ડફિલ્ડ સાઈટને લઈ ભાજપ તેમજ સોશ્યલ મિડિયામાં શરૂ થયેલા જંગને લઈ આજે મેયરે આ નિર્ણય લીધો છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં પેથાપુર ન.પા.ને ભેળવી દેવામાં આવેલ છે. હવે આગામી દિવસોમાં આ મુદ્દે આંદોલન આગળ વધે તો પક્ષને નુકશાન થાય છે. આ માટે પેથાપુરના રહીશો આગેવાનો અને આસપાસના ગામની પંચાયતોએ પણ વિરોધ નોંધાવી કલેક્ટરને તેમના નિર્ણયમાં પુનઃ વિચારણા કરવા માટે રજુઆત કરી છે.

બીજી તરફ છેલ્લા બે દિવસથી આ વિરોધ સોશ્યલ મિડિયા થકી પણ શરૂ થયો છે અને તેથી આજે મેયરે કમિશનરને આ અંગે પત્ર લખ્યો છે.

કમિશનરને પાઠવેલા પત્રમાં મેયરે જણાવ્યુ છે કે પેથાપુર ખાતે સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ જમીન પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટને લગતી કોઈપણ પ્રકારની કામગીરી અત્રેથી નવી સૂચના ન મળે ત્યાં સુંી મુલત્વી રાખવા યોગ્ય કરશો.

અગાઉ આ મુદ્દે આંદોલન થયુ ત્યારે પણ મંત્રીમંડળના મંત્રીઓએ દરમ્યાનગીરી કરી હતી પરંતુ પુનઃ એકવાર આ કામગીરી શરૂ થતાં પેથાપુરમાં પુનઃ લોકલડતના મંડાણ થયા હતા જે નોંધનીય છે.

# કોવિડ ગાઈડલાઈનના પાલન માટે તંત્રના અધિકારીઓને ચૂંટણી પંચની તાકીદ

ગાંધીનગર, તા. ૧૮

સ્થાનિક સ્વરાજ્યની પ્રથમ તબક્કાની ચૂંટણીઓના મતદાન માટે હવે ગણત્રીના દિવસો બાકી છે ત્યારે પ્રચાર અભિયાનમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોવાને લઈ રાજ્ય ચૂંટણી પંચે આજે રાજ્યના ગૃહ અને આરોગ્ય વિભાગને બોલાવી કડક સૂચનાઓ આપી હતી.

રાજ્યના ચૂંટણી કમિશનર સંજયપ્રસાદની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં તેમણે જાહેર પ્રચાર માટેની એસ.ઓ.પી. તેમજ કોરોનાની ગાઈડલાઈનના અસરકારક અમલીકરણની સૂચનાઓનો કડક અમલ થાય તે જોવા તાકીદ કરી હતી.

કોરોનાની મહામારી વચ્ચે આ જંગ યોજાવાનો છે ત્યારે માસ્ક ફરજીયાતનો અમલ થાય એટલુ જ નહિ પ્રચાર અભિયાનમાં પણ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે જરૂરી હોવા ઉપર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં મતદાન મથકો પર કોવિડ ગાઈડલાઈનનો અમલ થાય તે જોવા આરોગ્યતંત્રને પણ ખાસ તાકિદ કરી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ કોવિડ ગાઈડલાઈનનું કોઈ પાલન ન થતુ હોવાના વારંવારના અહેવાલોને રાજ્ય ચૂંટણીપંચે ગંભીરતાથી લઈ આજે આ અંગેની બેઠક કરી અને કડક અમલવારી માટે સૂચનાઓ આપી હતી.

# રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ ૨૩-૨૪મીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા.૧૮

મહામહીમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ આગામી ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર આવી રહ્યા છે. મહામહીમ રાષ્ટ્રપતિની સૂચિત મુલાકાતને પગલે તંત્ર એ તે માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

મળતી વિગતો મુજબ સેન્ટ્રલ યુનિ.ના પદવીદાન સમારોહમાં તેઓ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી અને વિદ્યાર્થીઓને સંબોધશે. આ પદવીદાન સમારોહને લઈ યુનિ. સત્તાવાળાઓ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મહામહીમ ૨૪મીએ મોટેરા સ્ટેડિયમનું ઉદઘાટન કરી અને ભારત-ઈંગ્લેડ વચ્ચેની ટેસ્ટ મેચનો પણ આરંભ કરાવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે આ અંગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની બેઠક જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે યોજાઈ હતી અને તેમાં વિવિધ સૂચનાઓ તેમજ ચાલતી તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

# વરસાદમાં તુટેલા માર્ગોની દશા સુધારવા નાયબ મુખ્યમંત્રીએ ૧૫.૨૦ કરોડ ફાળવ્યા

**શહેરમાં વિવિધ ૬ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે : મેયર તેમજ મહાનગર ભાજપના અધ્યક્ષે માર્ગોની સુધારણાના કામ માટે અગાઉ રજુઆત કરી હતી**

ગાંધીનગર તા ૧૮

શહેરમાં ભારે વરસાદના લીધે તુટી ગયેલા માર્ગોના રીસરફેસીંગ માટે સરકારે રૂ ૧૫.૨૦ કરોડની રકમ ફાળવી છે. જયાર આ રકમના ખર્ચે શહેરના જુદા જુદા સાત માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવશે. જયારે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે કાર્યપાલક ઈજનેરને પણ સુચના આપવામાં આવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના વિવિધ પ્રશ્નોની ચર્ચા તેમજ સમીક્ષા માટે નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ તેમજ મહાનગર ભાજપન અધ્યક્ષ રૂચિર ભટ્ટ સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન શહેરના માર્ગોને અનુલક્ષીને નાયબ મુખ્યમંત્રીએ રૂ ૧૫.૨૦ કરોડની ફાળવણી કરી હોવાની જાણ કરી હતી. આ રકમ અન્વયે નગરના ઘ માર્ગને અનુલક્ષી ૬.૨૨ કી મી રીસરફેસીંગ કરવામાં આવશે આ ઉપરાંત સે-૧૦ સે-૧૧માં પણ રૂ ૩.૫૦ કરોડના ખર્ચે ૧૪.૮૧ કી મી ના માર્ગનુ રીસરફેસીંગ કરાશે. વધુમાં ડી એલ એફ રોડ, રોડ નં -૭ તેમજ સે-૨૮ અને સે-૨૯માં પણ માર્ગોનુ કામ હાથ ધરાશે. મહાનગરપાલિકા વિસ્તારમાં વરસાદી દિવસોના અંતે માર્ગોનુ ધોવાણ થયા બાદ હાલ પણ ઘણાં ખરા માર્ગો ઉબડ ખાબડ હાલતમાં જોવા મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પિન્કીબેન પટેલે સ્થાયી સમિતિને બે પ્રસ્તાવ મોકલી મંજૂર કરવા પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે સ્થાયી સમિતિના ચેરમેનને પત્ર લખી તેમની સમક્ષ તેમના દ્વારા રજુ કરાયેલ પ્રસ્તાવને મંજૂરી આપવા અપીલ કરી છે.

સ્થાયી સમિતિના ચેરમેનને પાઠવેલા પત્રમાં પિન્કીબેન પટેલે જણાવ્યુ છે કે મેયરશ્રી અને કમિશનરશ્રી સામે નામદાર હાઈકોર્ટમાં નાણાંના બેફામ ઉપયોગ માટે અમો એ.પી.આઈ.એલ દાખલ કરેલ છે. જેનો ખર્ચ અમે ભોગવવાના છીએ. અમે પણ પ્રજાના પૈસા બચે તે માટે મેયર અને કમિશનરશ્રીને નામદાર હાઈકોર્ટમાં જે વકીલ રાખવાના થાય તેનો ખર્ચ તેમની પાસેથી વસુલ કરવા અંગે તેમજ મેયર દ્વારા કરેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે જીપીએમસી એક્ટની કલમ ૨૦૪ મુજબ જેની વિકાસ પરવાનગી ના હોય તેવા બિલ્ડીંગને સીલ કરવા મુજબના અમારા આ પ્રસ્તાવને સ્થાયી સમિતિ સમક્ષ મુકી તેને મંજૂરી મળે તે જોવા અપીલ કરીએ છીએ.

શ્રીમતિ પિન્કીબેન પટેલે હવે તેમની લડતને વધુ આક્રમક બનાવવાનો નિર્ણય કર્યો હોવાનું એક વાતચીતમાં સ્વીકાર્યુ હતુ.

# જિલ્લામાં કોરોનાના ૧૦ કેસ

**રાંદેસણમાં ૩ કેસ સહિત ગાંધીનગર તાલુકામાં ૫ કેસ : ગાંધીનગર શહેરના સે. ૪, ૫, ૨૧, ૨ અને સે. ૩ માંથી કેસ મળ્યા : ૭ને ડિસ્ચાર્જ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજે સતત ત્રીજે દિવસે પણ કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાં પાંચ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં જોવા મળી રહેલા ઉછાળાને પગલે તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે. તંત્રએ તમામ અધિકારીઓને તાકીદ કરતાં પરિસ્થિતિ પર સતર્ક બની નજર રાખવા કહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ પાંચ કેસ ગાંધીનગર તાલુકામાં જ નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં સતત મળી રહેલા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ કરવા પર વિશેષ ભાર મુક્યો છે.

આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે. આજે બે જૈફ વય ધરાવતા દર્દીઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના જમીયતપુરા ગામેથી ૮૧ વર્ષીય ગૃહીણી, રાયસણમાંથી ૪૬ વર્ષીય પુરૂષ અને રાંદેસણ ગામમાંથી ૮૩ વર્ષીય નિવૃત્ત ખાનગી નોકરીયાત, ૫૧ વર્ષીય કર્મયોગી તેમજ ૪૯ વર્ષની મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે જિલ્લામાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૬૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૩૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને આજે ૧૦૫૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ પાંચ કેસ મળી આવેલ છે. શહેરમાં આજે સંક્રમિત થનાર તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયનો ૨૩મીએ પદવીદાન સમારોહ

**રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી, રાજ્યપાલ આચાય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ૨૪૪ તેજસ્વીઓને પીએચડી એમફીલ સહીતની પદવી પ્રદાન કરાશે**



ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના ત્રીજા દિક્ષાંત સમારોહનુ ૨૩ ફેબ્રુઆરીના રોજ આયોજન કરવામાં આવ્યુ છે. આ સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીની ઉપસ્થિતિમાં ૭૩ પી.એચ.ડી. અને ૨૬ એમ.ફીલ. સહીત ૨૪૪ તેજસ્વીઓને પદવી પ્રદાન કરવામાં આવશે.

આગામી તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો ત્રીજો દીક્ષાંત સમારોહ યોજાવાનો છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, કેન્દ્રીય શિક્ષણમંત્રી રમેશ પોખરીયાલજી, ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ હસમુખ અઢિયાજી પણ ઉપસ્થિત રહેશે.

આ દીક્ષાંત સમારોહમાં ૭૩ પીએચ.ડી., ૨૬એમ.ફિલ., ૧૨૧ અનુસ્નાતક અને ૨૪ સ્નાતક એમ કુલ ૨૪૪ વિદ્યાર્થીઓને પદવી પ્રદાન કરવામાં આવશે. આ ઉપરાંત સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સૌથી વધુ માર્કસ મેળવનાર ૨૧ વિદ્યાર્થીઓને સીયુજી ચંદ્રક પણ પ્રદાન કરવામાં આવશે.

ભારતની સંસદ દ્વારા ૨૦૦૯ના અધિનિયમથી સ્થાપિત ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો મુખ્ય ઉદેશ જ્ઞાનનો પ્રસાર છે. દેશના સર્વાંગીણ વિકાસ માટે

● અનુસંધાન પાન-૭ પર

## દુઃખદ અવસાન



**સ્વ. દિનેશસિંહ કેશરીસિંહ ચૌહાણ**
જન્મ તા. ૧/૧/૧૯૬૭ ● સ્વ. તા. ૧૭/૨/૨૦૨૧

દુઃખ સાથે જણાવવાનું કે, સ્વ. ગિરધારસિંહ જે. કુંપાવત (કુકડીયા) (હાલ. ગાંધીનગર)થી જાણ કરવાની કે અમારા જમાઈશા દિનેશસિંહ કેશરીસિંહ ચૌહાણ ગામ : ટુણાદરનું તા. ૧૭/૨/૨૦૨૧ને બુધવારના દિવસે દેવલોક પામ્યા છે. ભગવાનને ગમ્યું તે ખરું. જમાઈશાનું લોકાચાર જવાનું તા. ૧૯/૨/૨૦૨૧ને શુક્રવારે સવારે : ૮-૦૦ વાગે ગાંધીનગરથી ટુણાદર જવાનું છે તથા તા. ૨૨/૨/૨૦૨૧ને સોમવારે ગાંધીનગર સૂતક રાખેલ છે. તથા ટુણાદર પણ તા. ૨૨/૨/૨૦૨૧ના રોજ સૂતક રાખેલ છે જે દુઃખ સાથે જણાવીએ છીએ.

સરનામું :
પ્લોટ નં. ૧૨૯૦/૨,
સેક્ટર-૫/એ,
ગાંધીનગર
મો. ૯૪૨૮૪ ૩૬૦૬૩
મો. ૯૮૨૫૦ ૨૦૧૪૧
મો. ૯૮૨૪૪ ૧૭૯૬૪

લી.
સ્વ. ગીરધારીસિંહ જસવંતસિંહ કુંપાવત
શ્રી સુરેન્દ્રસિંહ ગીરધારીસિંહ કુંપાવત
શ્રી મનહરસિંહ ગીરધારીસિંહ કુંપાવત
શ્રી ધર્મેન્દ્રસિંહ ગીરધારીસિંહ કુંપાવત
(કુકડીયા)

# આરટીઓમાં ફોર વ્હીલરની નવી સિરીઝને અનુલક્ષી પસંદગીના નંબરોની હરાજી

**ફોર વ્હીલર માટે જી જે ૧૮ બી પી ની સિરીઝ માટે પસંદગીના નંબર મેળવવા અરજદારો ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન બીડીંગ કરશે**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરના જી જે ૧૮ ના રૂઆબદાર પાસીંગ સાથે વાહનમાં પસંદગીનો નંબર મેળવવા માટે વાહનમાલિકો ઉત્સુક હોય છે. આર ટી ઓ કચેરી દ્વારા નવી સરીઝ શરૂ કરવામાં આવનાર છે. ત્યારે આર ટી ઓ કચેરી દ્વારા જી જે ૧૮ બી પી ની નવી સિરીઝને અનુલક્ષી ટુંકમાં પસંદગીના નંબરો માટે ઓનલાઈન હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીના નંબરો માટે પણ વાહન માલિકો દ્વારા ઈ ઓકશનમાં ભાગ લઈ મોટી રકમ ચુકવવા તૈયારી દર્શાવતા આર ટી ઓ કચેરીને પણ તગડી આવક થાય છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા નવી સીરીઝના નંબરોની હરાજી કરવામાં આવશે. આર ટી ઓએ ફોર વ્હીલર માટે નવી સીરીઝ જી જે ૧૮ બી પી ને અનુલક્ષીને હરાજી કરવામાં આવશે. નવી સીરીઝમાં પસંદગીના નંબરોને અનુલક્ષી ગોલ્ડન , સિલ્વર સહીતના નંબરો માટે ઓનલાઈન હરાજી કરવામાં આવશે. આ માટે અરજદારો તા ૧૮ ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી સુધી અરજી કરી શકશે. એક અરજદાર એક જ બીડ પ્રક્રીયા કરી શકશે. ઓનલાઈન હરાજી અન્વયે તા ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન અરજદારો બીંડીગ કરી શકશે.

જયારે તા ૨૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ કલાકે હરાજીનુ પરિણામ જાહેર કરવામાં આવશે. આર ટી ઓ કચેરી દ્વારા પસંદગીના નંબરોને અનુલક્ષીને હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે. ગાંધીનગરમાં જી જે ૧૮ ના પાસીંગ સાથે પસંદગીના નંબર મેળવવાનો પણ અનોખો ક્રેઝ છે. જયારે વાહનોમાં પસંદગીના નંબરો મેળવવા માટે વાહનમાલિકો પણ તગડી રકમ ચુકવે છે. જેના લીધે આર ટી ઓ કચેરીને પણ મોટી આવક થાય છે. ન્યુમેરોલોજી સાથેની માન્યતા પણ મજબુત છે. જેના લીધે પોતાના વાહનમાં પસંદગીનો આંકડો આવે તે માટે મહત્તમ કીંમત ચુકવીને પણ પસંદગીના નંબર મેળવવાનો આગ્રહ રાખે છે જેના લીધે આર ટી ઓ કચેરીએ પણ ચોક્કસ નંબરોના આધારે ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરી પણ નક્કી કરી છે. ત્યારે આ કેટેગરીના નંબરો માટે છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન હરાજીની પ્રક્રીયાના અંતે નંબરોની ફાળવણી કરવામાં આવે છે. હરાજીની આ પ્રક્રીયા વધુ પારદર્શક અને સરળ બને તેવુ આયોજન પણ આર ટી ઓ કચેરી કક્ષાએથી કરવામાં આવ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com